PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૪/કવા–૦૧/૧૭–૧૮/ 5606 તા 25/07/17

રજી. એડી. પત્ર

પ્રતિ,
શ્રી દેવાણંદભાઈ રવાભાઈ મૈયડ,
સહકાર સોસાયટી શેરી નં–૬ ના છેડે,
કૃષ્ણજીત–૨,
મુકતાલય ની સામે
રાજકોટ
મો: ૯૪૨૬૨ ૪૮૯૯૧

વિષય :–નવા ખેતીવાડી જોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૨–૦૬–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૭૪/કવા–૦૧/૧૭–૧૮)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 2)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, નિકાવા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO: 1 A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

કેસ નં. : સીજીઆરએફ : ૭૪/ક્વા–૦૧/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૨૫–૦૭–૧૭ સ્થળ : જામનગર

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: શ્રી દેવાણંદભાઈ રવાભાઈ મૈયડ, ગામ: જામનગર**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, નિક્કાવા (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર)**

**રજુઆત કરનાર :એન.પી.શાહ (કાર્યપાલક ઈજનેર શ્રી ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર)**

## : હુકમ :

**ફરીયાદ : નવા ખેતીવાડી જોડાણ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના, મોટી નાગઝાડ ગામે આવેલ, અગાઉ તા.૩૧–૦૧–૧૧ ના રોજ ની, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ છે. પરંતુ, મુળ માંગણી મુજબ ની જમીન, તેઓએ અન્ય ને વેચાણ આપેલ છે. જેથી, સદર અરજી તેમની માલીકી ના, ગામ મોટી નાગઝાડ ના જ અન્ય સર્વે નંબર મા શીફટીંગ કરી અને તે મુજબ, નવા જોડાણ ની મંજુરી નુ ભાવપત્રક આપવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના, મોટી નાગઝાડ ગામે આવેલ, અગાઉ તા.૩૧–૦૧–૧૧ ના રોજ ની, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવતા સમય ના સર્વેક્ષણ તા.૦૩–૦૭–૧૭ ના રોજ, માંગણી મુજબ ના સ્થળ પર જોડાણ માટે નુ સ્થળ એટલેકે, અન્ય સર્વે નંબર : ૩૧ પૈકી ૧ મા કુવો / બોર હૈયાત હોવાનુ જણાયેલ ન હતુ. જેથી, સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, અરજદાર શ્રી ને, માંગણી મુજબ ની જગ્યા પર કુવો / બોર બનાવી અને કચેરી ને જાણકારી આપવા બાબતે નો પત્ર ક્રમાંક : ૪૮૮૫ તા.૦૪–૦૭–૧૭ થી અપાયેલ હતો. જેના અનુસંધાને, ફરીયાદી અરજદાર શ્રી તરફથી, તેઓ શ્રીની સદર મુળ તા.૩૧–૦૧–૧૧ ની અરજી વાળા જોડાણ ના મુળ સ્થળ, એટલેકે સર્વે નંબર : ૩૧ પૈકી ૧ ને બદલે – અરજદાર શ્રી ના નામ પરથી, એટલેકે શ્રી દેવાણંદભાઈ રવાભાઈ મૈયડ ના નામ પરથી, તેમની પત્નિ શ્રીમતી જશુબેન દેવાણંદભાઈ મૈયડ ના નામ પર ની, તેમની પત્નિ ની માલીકી ના સર્વે નંબર : ૩૯૭ મા, નામ બદલી સાથે શીફટીંગ મેળવવા માટે ની વિધીસર ની અરજી સાથે તમામ દસ્તાવેજીક પેપર્સ કચેરી મા, તા.૦૬–૦૭–૧૭ ના રોજ રજુ કરી આપેલ છે. અને સદર બાબત – એટલેકે મુળ તા.૩૧–૦૧–૧૧ ની અરજી, જે નામ બદલી સાથે સ્થળ તબ્દીલી પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય હોય, ફરીયાદી અરજદાર શ્રી ની આ મુજબ ની માંગણી, પીજીવીસીએલ દ્વારા, મંજુરી ની પ્રક્રીયા હેઠળ, અરજદાર શ્રી ની કચેરી મા હાજરી, જાણકારી અને સંતોષ અને તેમના તા.૦૬–૦૭–૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ આવરી લેવાયેલ છે. આમ, અરજદાર શ્રીની ફરીયાદ નુ, અરજદાર શ્રી ના તા.૦૬–૦૭–૧૭ લેખીત સંમતીપત્ર હેઠળ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**: નિષ્કર્ષ :**

**મુદદા નં.–૩ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| <u>૩.૧</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ અરજી મા વર્ણવ્યા મુજબ ની બાબતો પરત્વે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી સકારાત્મક અભિગમ સાથે, મુદદા નં.ર.૧ મુજબ ની વિગતે ની, ફરીયાદી અરજદાર શ્રી ની મુળ તા.૩૧–૦૧–૧૧ ની, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની, મુળ અરજી ને, નામ બદલી સાથે સ્થળ તબ્દીલી અન્વયે ની વિધીસર ની, ફરીયાદી અરજદાર શ્રી ની તા.૦૬–૦૭–૧૭ ના રોજ ની અરજી ને – જે અરજી નામ બદલી સાથે સ્થળ તબ્દીલી પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય હોય – ફરીયાદી અરજદાર શ્રી ની આ મુજબ ની માંગણી, પીજીવીસીએલ દ્વારા, મંજુરી ની પ્રક્રીયા હેઠળ, અરજદાર શ્રી ની કચેરી મા હાજરી, જાણકારી અને સંતોષ અને તેમના તા.૦૬–૦૭–૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ આવરી લેવાયેલ છે. આમ, અરજદાર શ્રીની ફરીયાદ નુ, અરજદાર શ્રી ના તા.૦૬–૦૭–૧૭ લેખીત સંમતીપત્ર હેઠળ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u> <u>**હુકમ**</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ફરીયાદ નુ, અરજદાર શ્રી ના તા.૦૬–૦૭–૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

(sd/-)
**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

(sd/-)
**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.